

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સાદોલીયા પાસે આવેલ સાબરમતી નદીમા ઉપરવાસમા પડેલ વરસાદને લઈને નવા નીર આવતા સાબરમતી નદી બે કાંઠે થઈ અને સાદોલીયા-અનોડીયા ચેક ડેમ છલોછલ ભરાતા આવરફોલ થતા ધરતી પુત્રો સહિત પંથક ના લોકો મા ખુશી જોવા મળી છે

# બનાસકાંઠામાં જમીન માપણીના પ્રશ્ને કિસાન કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

## ખોટી અને ભૂલ ભરેલી જમીન માપણી રદ કરવાની માંગ સાથે આવેદનપત્ર અપાયું

પાલનપુર તા.૧૨

બનાસકાંઠાના ખેડૂતોના વિવિધ પ્રશ્નોને લઈને આજે કોંગ્રેસ મેદાનમાં આવી હતી. કિસાન કોંગ્રેસના ચેરમેન પાલભાઈ આંબલિયાએ આજે પાલનપુર ખાતે ખેડૂતો સાથે ડી.આઈ. એલ.આર.ને આવેદનપત્ર આપ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં ભાજપ સરકાર ની નિતીરીતી સામે ખેડૂતો પીસાઈ રહ્યા છે. ત્યારે બનાસકાંઠાના ખેડૂતોના ખોટી જમીન માપણીના મુદ્દે કિસાન કોંગ્રેસ ના ચેરમેન પાલભાઈ આંબલિયા પાલનપુરમાં કલેકટર કચેરીએ પહોંચી નેજ્યાં ખોટી અને ભૂલ ભરેલી જમીન માપણી ને લઈને તેઓએ ખેડૂતો સાથે કલેકટર કચેરીએ બેઠક યોજી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમાં તેઓએ જણાવ્યું હતું કે, જમીન માપણીમાં થયેલી ભુલોનો ભોગ ખેડૂતો બની રહ્યા છે. ખોટી જમીન માપણીને લઈને ખેડૂતો જ ખેડૂતોના દુશ્મન બની રહ્યા છે. ખેડૂતો સામે ખોટી લેન્ડ ગ્રેબિંગની ફરિયાદો થઈ રહી છે. અમારી રજૂઆતોને પગલે ૨૦૧૮ માં સરકારને જમીન માપણી સ્થગિત કરવાની ફરજ પડી હતી. તેઓએ જમીન માપણીમાં વ્યાપક ગેરરીતિઓ આચરાઈ હોવાની સાથે ડી.આઈ.એલ. આર. કચેરીઓ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગઈ હોવાના આક્ષેપો કર્યા હતા. પાલ આંબલિયા(પ્રમુખ, કિસાન કોગ્રેસ) પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, જોકે, ખેડૂતોએ પણ જમીન માપણી માં થયેલી ભૂલો અંગે સરકારનું વારંવાર ધ્યાન દોરવા છતાં સરકારના બહેરા કાને ખેડૂતોની વેદના સંભળાતી ન હોવાના આક્ષેપો સાથે સરકારને પરિણામ ભોગવવા તૈયાર રહેવાની ચીમકી આપી હતી. અમરાભાઈ ચૌધરી (ખેડૂત)એ જણાવેલ કે બાદમાં કલેકટર કચેરીએ થી પાલ આંબલિયા ની આગેવાનીમાં ખેડૂતો એ રામધૂન કર્યા બાદ ડી.આઈ.એલ.આર ને આવેદનપત્ર આપી જમીન માપણી રદ કરવાની માંગ કરી હતી.

# પશુ આહારની આડમાં દારૂ ઘુસાડવાનો પેતરો નિષ્ફળ

## શામળાજી પોલીસે ટ્રકમાંથી ૧૯.૫૫ લાખનો દારૂ ઝડપ્યો







શામળાજી, તા.૧૨

અરવલ્લી જીલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશનની કામગીરી માટે સતત દોડાદોડી કરી રહી છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક ટ્રકમાં બિન ઉપયોગી પશુ આહારની પ્લાસ્ટિકની બેગની આડમાં ઘુસાડાતો ૧૯.૫૫ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલકને કોર્ડન કરી દબોચી લીધો હતો શામળાજી પોલીસને પશુ આહારની આડમાં ઘુસાડાતો વિદેશી દારૂના નુસ્ખાને નિષ્ફળ બનાવી પોલીસતંત્રએ બુટલેગરો પર તવાઈ બોલાવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે શામળાજી પોલીસે વિદેશી દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ ટ્રકમાં દારૂ ભરી આપનાર પંજાબના બે બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. શામળાજી PSI વી.વી.પટેલ અને PSI વી.ડી.વાઘેલાએ તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથધરતા ટ્રકમાં બિનઉપયોગી પશુ આહારની પ્લાસ્ટિકની બેગની આડમાં મોટી માત્રામાં વિદેશી દારૂ ભરી ટ્રક પંજાબથી નીકળી રતનપુર બોર્ડર પરથી પસાર થવાની બાતમી મળતા પોલીસ સતર્ક બની દારૂ ભરેલી ટ્રકની વોચ ગોઠવી હતી બાતમી આધારિત ટ્રક આવતા અટકાવી ટ્રક ચાલક ગુરિંદ્રસીંઘ જયસિંઘ કશ્યપ (રહે,ખુસરોપૂર, પંજાબ)ને દબોચી લઈ ટ્રકમાં બિનઉપયોગી પશુ આહારની પ્લાસ્ટિકની બેગની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ- ૧૨૫૪૦ રૂ.૧૯૫૫૨૩૨/- નો જથ્થો જપ્ત કરી ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ.૨૭૫૭૨૩૨/-નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલકને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર પંજાબના બુટલેગર રોહન અને રઘુ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# પાલનપુર પંથકમાં થતી ખનિજ ચોરીનો પર્દાફાશ

## ખનિજ ચોરી મામલે રૂ.૬૦ લાખનો મુદ્દામાલ કબજે

પાલનપુર તા.૧૨

પાલનપુર પંથકમાં ખનીજચોરો દ્વારા રાત્રિના સમયે મોટા પાયે ખનિજ ચોરી કરવાનું રેકેટ ચલાવવામાં આવી રહ્યું હોય બનાસકાંઠા જિલ્લા ભૂસ્તર તંત્રની ટીમે પાલનપુરના અમદાવાદ હાઈવે પર ચેકીંગ હાથ ધરીને ખનિજની ચોરી કરતા ત્રણ ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા અને ખનીજ ચોરી મામલે રૂપિયા ૬૦ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરવામાં આવતા ખનીજ ચોરોમો ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

બનાસકાંઠા જિલ્લામાં ખનિજ ચોરીની પ્રવૃતી દિન પ્રતિદિન ફૂલી ફાલી રહી છે જેમાં ખનિજ ચોરો નદી,વહોળા ,તળાવ સહિતની જગ્યાઓ પર ગેર કાયદેસર ખનન કરી ખનિજ ની ચોરી કરી સરકારી તિજોરીને ભારે નુકશાન પહોંચાડી રહ્યા છે. જેમાં પાલનપુર પંથકમાં પણ મોટા પાયે ખનિજ ચોરી થતી હોવાની રાડ ફરિયાદો ઉઠતા આખરે ભૂસ્તર વિભાગની ટીમો દ્વારા વિવિધ સ્થળોએ ચેકીંગ કરી પાલનપુરના અમદાવાદ હાઈવે પર થી બિલ્ડીંગસ્ટોન અને કવાર્ટઝ જેવા ખનિજની ચોરી કરતાં ત્રણ વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા. અને ખનિજ ચોરી મામલે અંદાજિત ૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વાહન માલિકો સામે દંડની વસુલાત ની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ખનિજ ચોરો માં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# મોડાસા શહેર ભુવા નગરી બન્યું..! : ભુવા પડતા જાનહાનીનો ડર

## મોડાસા શહેરમાં ભૂગર્ભ ગટર યોજનામાં સમગ્ર શહેરને ખોદી નાખ્યા બાદ યોગ્ય પૂરણ ન કરતા અનેક સ્થળ પર ભુવા પડતા લોકોમાં આક્રોશ : ઋષિકેશ સોસાયટીના છેલ્લા વિસ્તારમાં ડીપી રોડ પર આવેલ સોસાયટીના વરસાદી પાણી ગટરમાં બેક મારતા તળાવ જેવી સ્થિતિ સર્જાઈ છે : ભૂગર્ભ ગટર યોજનાનો કોન્ટ્રાક્ટ ધરાવતી એજન્સીને બ્લેક લિસ્ટ કરવામાં આવે અને બિલ ચુકવવામાં ન આવેની લોક માંગ પ્રબળ ઉઠી : મોડાસા નગરપાલિકા કોર્પોરેટરો ભૂગર્ભ જતા રહ્યા હોવાનો પણ સોશ્યલ મીડિયામાં આક્રોશ

અરવલ્લી, તા.૧૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની નગરપાલિકામાં છેલ્લા ૩૦ જેટલા વર્ષોથી સત્તાધારી પક્ષ તરીકે બિરાજમાન છે મોડાસા શહેર વિકાસની ગતિ પકડી હોવાના દાવા થઈ રહ્યા છે ત્યારે આ શહેરમાં સામાન્ય વરસાદમાં જ ભૂવા પડવા, ઠેર ઠેર પાણી ભરાઈ જવા, કાદવ-કીચડ થવો, વાહનો ફસાઈ જવા જેવા દ્રષ્યો સર્જાવા સામાન્ય બની જવા પામ્યાં છે. શહેરના લગભગ દરેક સોસાયટીમાં વિકાસ કાર્યો દરમ્યાન કરવામાં આવેલા ખોદાણ પછી તેમાં અપૂરતા માટી પુરાણને કારણે ભૂવા પડી રહ્યાં છે જેને જોઈને એવુ લાગી રહ્યું છે કે જાણે આખા મોડાસા શહેરમાં ભૂવા "પુરાણ" કથા ચાલી રહી છે.

મોડાસા શહેરમાં ભૂગર્ભ ગટર યોજનામાં પોલમપોલ કામગીરી ચાલી રહી છે માલપુર રોડ પર આવેલી રત્નદીપ સોસાયટીના પ્રવેશ દ્વારે ગટર યોજનામાં જોડાણ આપવા માટે ખોદેલ ખાડો છેલ્લા કેટલાક દિવસથી ખુલ્લો છોડી દેવામાં આવતા સોસાયટીના રહીશોમાં ખાડામાં ખાબકવાનો ભય પેદા થયો છે રત્નદીપ સોસાયટીના પ્રવેશ દ્વારે કોઈ કોર્પોરેટરના સબંધીના મકાનની ગટર લાઈન આપવા માટે ફરીથી ખોદી નાખ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે જો કે સોસાયટીના રહીશોએ ખાડો તાત્કાલિક ધોરણે પુરવામાં આવેની માંગ કરી છે ખાડાની બાજુમાં ભુવો પડતા અને રત્નદીપ સોસાયટી થી ઋષિકેશ સોસાયટીના માર્ગ પર ઠેર ઠેર ભુવા પડવાની ઘટના ચાલુ રહી છે નગરપાલિકા તંત્ર ભુવા પડે ત્યારે પૂરણ કરી લોકોનો રોષ ઠારી રહી છે મોડાસા શહેરના મોટા ભાગના સોસાયટી વિસ્તારમાં ભગર્ભ





ગટર યોજના હેઠળ રોડ ખોદી નાખ્યા પછી યોગ્ય પુરણ કરવામાં ન આવતા ઠેર ઠેર ભુવા માર્ગ બન્યા છે. મોડાસા શહેરના માલપુર અને મેઘરજ રોડ પર ભૂગર્ભ ગટર યોજનામાં ઠેર ઠેર રોડ ખોદી નાખ્યા પછી યોગ્ય પૂરણ કરવામાં વેઠ ઉતારતાં રોડ પર કાદવ-કીચડના થર જામવાની સાથે પાણી ભરાઈ રહેતા શહેરીજનો તોબા પોકારી ઉઠ્યા છે મોડાસા શહેરની ભુવા નગરી માટે કોણ જવાબદાર?


# ડીસામાં રિવોલ્વર સાથે ઝડપાયેલી ટોળકીનો વધુ એક સાગરીત ઝડપાયો

ડીસા, તા.૧૨

ડીસા શહેર પોલીસે ૨૦ દિવસ અગાઉ એક રિવોલ્વર અને કારતુસ સાથે એક ટોળકીને ઝડપી પાડી હતી. જે ટોળકી પાલનપુરમાં એક જ્વેલર્સ માલિકને લૂંટવાનું કાવતરું રચી રહી હતી. જોકે સતર્ક પોલીસે ટોળકી લૂંટ આચરે તે પહેલા જ ટોળકીના તમામ સભ્યોને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. જે કેસમાં વધુ ઝીણવટ ભરી તપાસ કરતા ડીસા તાલુકા પોલીસે અઠવાડિયા અગાઉ તડીપાર કરેલા રાયમલસિંહ ઠાકોરનું નામ ખુલ્યું હતું. જેથી પોલીસે તડીપાર આરોપીની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે. ડીસા શહેર ઉત્તર પોલીસે ૨૦ દિવસ અગાઉ નહેરુનગર ટેકરા વિસ્તારમાંથી ત્રણે શખ્સોને દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી પાડ્યા હતા. જેમની તપાસ કરતા ત્રણેય પાસેથી જીવતા કારતુસ અને પિસ્તોલ મળી આવતા પોલીસે ઝીણવટભરી તપાસ કરી હતી. ઝડપાયેલા શખસો અગાઉ પાલનપુર સબજેલમાં હતા. ત્યારે ઈમરાન ઉર્ફે ભૂરા સિંધી સાથે મુલાકાત થયેલી અને તેણે પાલનપુરના એક જ્વેલર્સને લૂંટવાનો પ્લાન કર્યો હતો. બાદમાં જેલમાંથી બહાર આવ્યા બાદ આરોપીઓએ જ્વેલર્સની રેકી કરી હતી અને દુકાનનો માલિક જ્યારે ઘરેથી દાગીના લઈ દુકાને જતો હોય ત્યારે તેને લૂંટી લેવાનો કારસો રચ્યો હતો. તેમજ તેઓ પાલનપુરથી ટ્રેન મારફતે આગ્રા અને આગ્રાથી ટ્રાવેલ્સ મારફતે ધોલેપુર થઈ મોરેના પહોંચ્યા હતા. જ્યાં જીતેન્દ્ર ઉર્ફે ટીલ્લુ તોમર મુરેના ( મધ્યપ્રદેશ ) પાસેથી રિવોલ્વર અને કારતુસ લાવ્યો હતો.અગાઉ ડીસા શહેર પોલીસે હિતેશપુરી ઉર્ફે એક્શન બાબુપુરી ગોસ્વામી (રહે. ગોવર્ધનપાર્ક, ડીસા), રાહુલ ઉર્ફે પ્રતીક બાબુભાઈ ઠાકોર (રહે. ભોપાનગર, ડીસા) અને વિષ્ણુજી ઈશ્વરજી ઠાકોર (રહે. ભોપાનગર, ડીસા)ની અટકાયત કરી છે. જ્યારે જીતેન્દ્ર ઉર્ફે ટીલ્લુ તોમર મોરેના અને ઈમરાન ઉર્ફે ભૂરા સિંધી (રહે. પાલનપુર) સહિત ૫ લોકો સામે ફરિયાદ નોંધી રિમાન્ડ મેળવ્યા હતા. અંતે ત્યાર બાદ તમામ આરોપીઓને સબજેલમાં ધકેલ્યા છે.

## ધનસુરાની સારા પ્રજાપતિ એ ઓલ ગુજરાત ઓપન કરાટે ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ મેળવ્યો

ધનસુરા ની સારા અરુણભાઈ પ્રજાપતિ એ ઓલ ગુજરાત ઓપન કરાટે ચેમ્પિયનશિપ માં સિલ્વર મેડલ મેળવ્યો હતો. ઓલ ગુજરાત કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૩ નું તારીખ ૭ થી ૯ જુલાઈ ૨૦૨૩ સુધી યુગપુરુષ વિવેકાનંદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિદ્યાનગર આણંદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેમ્પિયનશિપ માં અરવલ્લી જિલ્લાના કરાટે ના ચીફ કોચ જુજારસિંહ વાઘેલા કોચ જગદીશ થોરી ના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને આ ચેમ્પિયનશિપ માં શાનદાર પ્રદર્શન કરી અલગ અલગ વય જૂથ અને વજન ગ્રુપમાં મેડલ મેળવ્યા હતા અને અરવલ્લી જિલ્લાનું નામ રોશન કર્યું હતું. જેમાં ધનસુરા ની સારા અરુણભાઈ પ્રજાપતિ એ સિલ્વર મેડલ મેળવી ધનસુરા પ્રજાપતિ સમાજ અને ધનસુરા તાલુકા અને જિલ્લા નું ગૌરવ વધાર્યું હતું જે બદલ સૌએ અભિનંદન પાઠવ્યા હતા.



## ડીસાના રોબસ-જાવલ વચ્ચે કાર પલટી ખાતા ચાલકનું મોત

ડીસા, તા.૧૨

ડીસા તાલુકામાં વધુ એક માર્ગ અકસ્માતની ઘટના સર્જાઈ છે. જેમાં ઘાડા ગામના રહેવાસી નિકુલસિંહ વાઘેલા પોતાની કાર લઈને રોબસ ગામથી ઘર તરફ જઈ રહ્યા હતા. તે સમયે અચાનક રસ્તામાં સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પલટી ખાઈને ફંગોળાઈ જઈ રોડની સાઈડમાં આવેલી ચોકડીમાં ઘૂસી જતા અકસ્માત સર્જાયો હતો.જેમાં કાર ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી.

અકસ્માત થયો હોવાની જાણ થતા જ આજુબાજુના લોકો બનાવ સ્થળે દોડી આવી રાહત કામગીરી શરૂ કરી હતી અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કાર ચાલકને બહાર નીકાળ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં તો ચાલકનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા મૃતકના પરિવારજનો પણ અકસ્માત સ્થળે પહોંચ્યા હતા. જ્યારે ડીસા તાલુકા પોલીસે પણ અકસ્માત સ્થળે પહોંચી લાશને પીએમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.